# ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય, મહાન જ્યોતિર્ધર
# ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

વિક્રમની સત્તરમી સદીમાં જન્મેલા, જૈન ધર્મના પરમ પ્રભાવક, જૈનદર્શનના મહાન દાર્શનિક, જૈન તર્કના મહાન તાર્કિક, ષડ્દર્શનવેત્તા અને ગુજરાતના મહાન જ્યોતિર્ધર ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ એક મહાન જૈન મુનિવર હતા. યોગ્ય સમયે અમદાવાદના જૈન શ્રીસંઘે સમર્પિત કરેલા ઉપાધ્યાયપદના બિરૂદથી તેઓ 'ઉપાધ્યાયજી' બન્યા હતા. સામાન્ય રીતે વ્યક્તિ 'વિશેષ' નામથી જ ઓળખાય છે; પણ યશોવિજયજી મહારાજ માટે નવાઈની વાત એ હતી કે જૈનસંઘમાં તેઓશ્રી વિશેષ્યથી નહિ, પણ 'વિશેષણ'થી સવિશેષ ઓળખાતા હતા. 'ઉપાધ્યાયજી આમ કહે છે', 'આ તો ઉપાધ્યાયજીનું વચન છે.' વગેરે સામાન્ય વાતચીતમાં પણ થતાં આવાં વિધાનોથી 'ઉપાધ્યાયજી'થી શ્રી યશોવિજયજી એમ સમજાતું થઈ રહ્યું. વિશેષ્ય વિશેષણનો પર્યાય બની ગયું. આવી ઘટના વિરલ વ્યક્તિઓ માટે બનતી હોય છે. ઉપાધ્યાયજી માટે પણ આ બાબત ખરેખર ગૌરવાસ્પદ હતી.

વળી, તેઓશ્રીનાં વચનો માટે પણ બીજી એક વિરલ અને વિશિષ્ટ બાબત છે. એમની વાણી–વચનો–વિચારો 'ટંકશાળી' એવાં વિશેષણથી ઓળખાય છે. વળી ઉપાધ્યાયજીની શાખ એટલે 'આગમશાખ' અર્થાત્ શાસ્ત્રવચન એવી પણ પ્રસિદ્ધિ છે. વર્તમાનના એક વિદ્વાન આચાર્યે તેમને 'વર્તમાનના મહાવીર' તરીકે પણ ઓળખાવ્યા છે. આજે પણ શ્રીસંઘમાં કોઈ પણ બાબતમાં વિવાદ જન્મે ત્યારે ઉપાધ્યાયજી વિરચિત શાસ્ત્ર કે ટીકાની 'શહાદત'ને અંતિમ પ્રમાણ માનવામાં આવે છે. ઉપાધ્યાયજીનો ચુકાદો એટલે જાણે સર્વજ્ઞનો ચુકાદો. એટલે જ એમનાં સમકાલીન મુનિવરોએ તેઓશ્રીને 'શ્રુતકેવલી' વિશેષણથી નવાજ્યા છે. એટલે કે 'શાસ્ત્રોના સર્વજ્ઞ' અર્થાત્ શ્રુતના બળે કેવલી. એનો અર્થ એ કે સર્વજ્ઞ જેવું પદાર્થનું સ્વરૂપ વર્ણવી શકનારા.

આવા ઉપાધ્યાયજી ભગવંતે બાલ્યવયમાં (આઠેક વર્ષની આસપાસ) દીક્ષિત બનીને, વિદ્યા પ્રાપ્ત કરવા માટે—ગુજરાતમાં ઉચ્ચ કોટિના વિદ્વાનોને અભાવે કે ગમે તે કારણે—ગુજરાત છોડીને દૂર–સુદૂર પોતાના ગુરુદેવ સાથે કાશીના વિદ્યાધામમાં જવું પડ્યું. અને ત્યાં તેમણે છએ દર્શનનો તેમ જ વિદ્યાની વિવિધ શાખા–પ્રશાખાઓનો આમૂલ-ચૂલ અભ્યાસ કર્યો; અને તેના પર તેમણે અદ્ભુત પ્રભુત્વ મેળવ્યું અને વિદ્વાનોમાં 'ષડ્દર્શનવેત્તા' તરીકે પંકાયા. કાશીની રાજસભામાં એક મહાસમર્થ દિગ્ગજ વિદ્વાન – જે અજૈન હતો તેની જોડે, અનેક વિદ્વાનો અને અધિકારી આદિ સમક્ષ, શાસ્ત્રાર્થ કરી વિજયની વરમાળા પહેરી હતી. તેઓશ્રીના અગાધ પાંડિત્યથી મુગ્ધ થઈને વિદ્વાનોએ તેમને 'ન્યાયવિશારદ' બિરૂદથી અલંકૃત કર્યા હતા. આમ, જૈનસંસ્કૃતિના એક જ્યોતિર્ધરે ને જૈનપ્રજાના એક સપૂતે જૈનધર્મનો અને ગુજરાતની પુણ્યભૂમિનો જય જયકાર વર્તાવ્યો હતો. વિવિધ વાઙ્મયના પારંગત હોવાથી આજની દૃષ્ટિએ કહીએ તો તેઓશ્રીને બે–ચાર નહિ પણ સંખ્યાબંધ વિષયોના પીએચ. ડી. કહીએ તો તે યથાર્થ જ છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષાની દૃષ્ટિએ જોઈએ તો, ઉપાધ્યાયજીએ અલ્પજ્ઞ અને વિશેષજ્ઞ, બાળક અને પ્રૌઢ, સાક્ષર અને નિરક્ષર, સાધુ અને સંસારી વ્યક્તિના જ્ઞાનાર્જનની સુલભતા માટે જૈનધર્મની મૂળભૂત પ્રાકૃત ભાષામાં, એ વખતની રાષ્ટ્રીય જેવી ગણાતી સંસ્કૃત ભાષામાં તેમ જ હિન્દી, ગુજરાતી ભષાભાષી પ્રાન્તોની સામાન્ય પ્રજા માટે હિન્દી અને ગુજરાતીમાં વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે.

વિષયની દૃષ્ટિએ જોઈએ તો, તેમણે આગમ, તર્ક, ન્યાય, અનેકાંતવાદ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, અલંકાર, છંદ, યોગ, અધ્યાત્મ, આચાર, ચારિત્ર, ઉપદેશ આદિ અનેક વિષયો ઉપર માર્મિક અને મહત્ત્વપૂર્ણ રીતે લખ્યું છે.

સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો, તેઓશ્રીની કૃતિઓની સંખ્યા 'અનેક' શબ્દથી નહિ, પણ 'સેંકડો' શબ્દોથી જણાવી શકાય તેવી છે. આ કૃતિઓ બહુધા આગમિક અને તાર્કિક–બંને પ્રકારની છે. એમાં કેટલીક અપૂર્ણ પણ છે, અને કેટલીક અનુપલબ્ધ પણ છે. પોતે શ્વેતાંબર પરંપરાના હોવા છતાં દિગંબરાચાર્ય કૃત ગ્રંથ ઉપર ટીકા રચી છે. જૈન મુનિ હોવા છતાં અજૈન ગ્રંથો ઉપર પણ ટીકા રચી શક્યા છે. આ સર્વ તેમના સર્વગ્રાહી પાંડિત્યના પ્રખર પુરાવા છે.

શૈલીની દૃષ્ટિએ જોઈએ તો, તેમની કૃતિઓ ખંડનાત્મક, પ્રતિપાદનાત્મક અને સમન્વયાત્મક છે. ઉપાધ્યાયજીની ઉપલબ્ધ કૃતિઓનું, પૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરીને, પૂરા પરિશ્રમથી અધ્યયન કરવામાં આવે તો જૈન આગમના સંપૂર્ણ જ્ઞાતા બની શકાય. અનેકવિધ વિષયો ઉપર મૂલ્યવાન, અતિ મહત્ત્વપૂર્ણ અધ્યયન થયું હોય તેવી સેંકડો કૃતિઓ રચનારા સર્જકો આ દેશમાં ગણ્યા-ગાંઠ્યા પાક્યા છે, તેમાં નિઃશંક ઉપાધ્યાયજીનો સમાવેશ થાય છે. આવી વિરલ શક્તિ અને પુણ્યાઈ કોઈના જ લલાટે લખાયેલી હોય છે. આ શક્તિ ખરેખર, સદ્ગુરુકૃપા, જન્માન્તરનો તેજસ્વી જ્ઞાનસંસ્કાર અને સરસ્વતીનાં સાક્ષાત્ વરદાનના ત્રિવેણીસંગમને આભારી હોય છે.

તેઓશ્રી 'અવધાનકાર' (એટલે બુદ્ધિની તીવ્ર ધારણાશક્તિ ધરાવનાર) પણ હતા. એક વાર અમદાવાદના શ્રીસંઘ વચ્ચે અને બીજી વાર અમદાવાદના મુસલમાન સૂબાની રાજસભામાં આ અવધાનના પ્રયોગો કરી બતાવ્યા હતા, તે જોઈને સહુ આશ્ચર્યમુગ્ધ બન્યા હતા. એ સમયે તેઓશ્રીએ માનવીની બુદ્ધિશક્તિનો અદ્ભુત પરચો બતાવી જૈનધર્મ અને જૈનસાધુનું અસાધારણ ગૌરવ વધાર્યું હતું.

તેઓશ્રીની શિષ્યસંપત્તિ અલ્પસંખ્યક હતી. તેઓ અનેક વિષયોના તલસ્પર્શી વિદ્વાન તો હતા જ, પણ 'નવ્ય ન્યાય'ને તેમણે એવો આત્મસાત્ કર્યો હતો કે તેઓ 'નવ્ય ન્યાયના અવતાર' લેખાયા હતા. એને લીધે જ તેઓ 'તાર્કિક શિરોમણિ' તરીકે વિખ્યાત થયા હતા. તેઓશ્રી જૈનસંઘમાં નવ્ય ન્યાયના આદ્ય વિદ્વાન હતા. જૈન સિદ્ધાંતો અને તેના ત્યાગ–વૈરાગ્યપ્રધાન આચારોને નવ્ય ન્યાયના માધ્યમ દ્વારા તર્કબદ્ધ કરનાર માત્ર ઉપાધ્યાયજી અદ્વિતીય હતા. તેઓશ્રીનું સ્વર્ગગમન ગુજરાતના વડોદરા શહેરથી ૧૯ માઈલ દૂર આવેલા પ્રાચીન દર્ભાવતી, વર્તમાનમાં ડભોઈ શહેરમાં વિ. સં. ૧૭૪૩માં થયું હતું. આજે તેમની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દેહાન્તભૂમિ પર એક ભવ્ય સ્મારક ઊભું કરવામાં આવ્યું છે; જ્યાં વિ. સં. ૧૭૪૫માં તેમની પાદુકા પધરાવવામાં આવી હતી. ડભોઈ આ રીતે બડભાગી બન્યું છે.

આમ, ઉપાધ્યાયજી અસાધારણ પ્રજ્ઞાવાન મહર્ષિ હતા. તેમના ગુરુ શ્રી નયવિજયજી મહારાજ હતા. તે સમયના સાધુસમુદાયના બંધારણ મુજબ એક જ આચાર્યની પ્રથા હોવાથી, શ્રી યશોવિજયજીએ વિપુલ ગ્રંથસર્જન કર્યું અને વિશાળ રીતે શાસનપ્રભાવના કરી હોવા છતાં તેમને 'ઉપાધ્યાય' પદ જ આપવામાં આવ્યું હતું. જૈનશાસનની અનેકવિધ સેવા કરવા સાથે મૂર્તિપૂજા સામે વિરોધ જાગ્યો ત્યારે, ક્રિયામાર્ગ પ્રત્યે વિરોધ જાગ્યો ત્યારે, તેનો પ્રતિકાર કરી, પ્રાણાન્તે પણ મંદિરની સંસ્કૃતિને ટકાવી રાખી **ज्ञानक्रियाभ्यां मोक्षः** = જ્ઞાનક્રિયા બંનેથી મોક્ષ છે—એવું સૂત્ર ગાજતું કર્યું હતું.

(પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરિજીએ લખેલી 'યશોદોહન' ગ્રંથની પ્રસ્તાવનામાંથી ઉદ્ધૃત.)

## વિપુલ વિશિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ સાહિત્યના સર્જક

# ઉપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ

ઉપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ શ્રી વિજયસૂરિજી—કનકવિજયજી—શીલવિજયજી શિષ્ય કમલવિજયજી, શિષ્ય કૃપાવિજયજીના શિષ્ય હતા. તેઓ વ્યાકરણ, ન્યાય, સાહિત્ય ઉપરાંત જ્યોતિષ વિદ્યામાં પણ પ્રવીણ હતા. તેઓશ્રી પોતાના દરેક ગ્રંથનો આરંભ 'ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ અર્હં ઐં નમઃ' એ મંત્રથી કરતા.

તેમણે વિ. સં. ૧૭૨૭માં દેવાનંદાભ્યુદય મહાકાવ્ય સાદડી (રાજ૦)માં રચી પૂર્ણ કર્યું. એમાં પ્રતિશ્લોકે મહાકવિ માઘરચિત મહાકાવ્ય 'શિશુપાલવધ'ના પ્રત્યેક શ્લોકનું છેલ્લું પાદ લઈ, તેની સાથે ઉપજાવેલા ત્રણ પાદો સુંદર રીતે સંઘટિત કરીને તેમાં સાત સર્ગમાં વિજયસેનસૂરિના પટ્ટધર વિજયદેવસૂરિનું ભિન્ન ભિન્ન સમયનું ઇતિવૃત્ત એક ઇતિહાસ રૂપે કવિતામાં આલેખ્યું છે. તદુપરાંત, તેમની રચનાઓ નીચે પ્રમાણે છે :

મેઘદૂત સમસ્યાલેખ : 'મેઘદૂત' કાવ્યના દરેક શ્લોકનું છેલ્લું પાદ આબાદ રાખી તેનાં ત્રણ પાદ પોતે રચી ૧૩૦ શ્લોકનું કાવ્ય બનાવ્યું, અને વિજયદેવસૂરિ ઉપર તેમના પટ્ટધર વિજયપ્રભસૂરિ દેવપત્તનમાં ચાતુર્માસ હતા. ત્યારે ત્યાંથી વિજ્ઞપ્તિ રૂપે આ કાવ્ય મોકલેલ હતું. દિગ્વિજય મહાકાવ્ય : શ્રી વિજયપ્રભસૂરિનાં જીવનવૃત્તાંત તરીકે તેર સર્ગમાં સ્વોપજ્ઞ ટીકા સહિત આ કાવ્ય રચ્યું છે. તેમાં તે તે સૂરિઓના ટૂંકા ઇતિહાસ સાથે વિજયપ્રભસૂરિનાં સત્કાર્યો, વિહારો, ચોમાસાઓ, પ્રભાવના આદિ ઘણા વિષયો વર્ણવ્યા છે. તપાગચ્છ પટ્ટાવલી પણ રચી છે, જેના ઉપરથી ઐતિહાસિક વિગતો મળી આવે છે. શાંતિનાથ ચરિત્રને નૈષધીયસમસ્યા એવું નામ પણ આપ્યું છે. તેમાં મહાકવિ હર્ષવિરચિત નૈષધીય મહાકાવ્યનું પ્રતિશ્લોકનું એક પાદ લઈને, પોતાનાં ત્રણ નવાં પાદ સાથે મેળવી છ સર્ગમાં રચ્યું છે. સપ્તસંધાન મહાકાવ્ય સં. ૧૭૬૦માં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org